નવગુજરાત સમય, પાના નંબર :- ૦૨

તારીખ :- ૨૨/ ૦૮/ ૨૦૨૬

# મેટ્રો-BRTSના કોરિડોરમાં મળતી FSIના વધુ ઉપયોગને પ્રોત્સાહન અપાશે

- **પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ વધે અને નાગરિકોને નજીકમાં ઘર મળે તેવો હેતુ**

નવગુજરાત સમય > ગાંધીનગર

રાજ્યમાં પબ્લીક ટ્રાન્સપોર્ટના ઉપયોગમાં વધારો થાય અને તેની નજીકના વિસ્તારોમાં જ રહેણાંકની સુવિધા પણ મળી રહે તે માટે મેટ્રો BRTSના નિયત કોરિડોરમાં મળતી FSIનો વધુ ઉપયોગ કરાવવા સરકાર તૈયારી કરી રહી છે. અમદાવાદમાં મેટ્રો અને BRTS દોડી રહી છે તેવા રૂટ ઉપર મળતી વધારાની FSIનો અનેક સ્થળે લાભ લેવાયો છે તેમ છતાં હજુ અનેક વિસ્તારોમાં તેનો ઉપયોગ કરી શકાય છે તેમ લાગતા આગામી સમયમાં પ્રમોટેડ FSIને કેવી રીતે પ્રોત્સાહન આપી શકાય તેની વિચારણા શરૂ કરાઈ છે.

અમદાવાદમાં મેટ્રો રેલવેની સેવાનો વ્યાપ સતત વધી રહ્યો છે અને આગામી સમયમાં મેટ્રોના નવા ફેઝ ઉમેરવામાં આવશે. તેના કારણે અનેક નવા વિસ્તારો મેટ્રો સાથે જોડાશે. મેટ્રોનો રૂટ આગામી સમયમાં અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ સુધી દોડાવવા માટે મંજૂરી મળી ગઇ છે અને તેનું બજેટ પણ ફાળવી દેવાયું છે. તે પછી મેટ્રો રેલ વધુ ત્રણ ફેઝ ઉપર દોડાવવાની યોજના પણ તૈયાર છે. તે ઉપરાંત ભવિષ્યમાં 132 ફૂટના રીંગ રોડ ઉપર પણ મેટ્રો દોડાવાશે. તેથી અમદાવાદના અનેક વિસ્તારો મેટ્રો અને રેલવેના નેટવર્ક સાથે જોડાશે. બીજી તરફ રાજ્ય સરકાર નવા રહેણાંક વિસ્તારો મેટ્રોની આજુબાજુ વિસ્તરે તેને પણ પ્રોત્સાહન આપવા માગે છે. જેથી જે તે વિસ્તારના નજીકના લોકોને મેટ્રો સ્ટેશન નજીક પડે અને તેના કારણે સરવાળે પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ પણ વધી શકે. તે સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બીઆરટીએસના રૂટના વિસ્તરણની પણ સંભાવના છે.

મેટ્રો અને BRTS એમ બન્નેના હયાત અને ભવિષ્યમાં નવા જોડાનારા વિસ્તારોને ધ્યાનમાં રાખીને શહેરી વિકાસ વિભાગ પબ્લીક ટ્રાન્સપોર્ટના વિસ્તારમાં મળતી FSIનો કોમર્શિયલ અને રહેણાંક ક્ષેત્રે ડેવલપરને વધુ લાભ કેવી રીતે આપી શકાય તેની વિચારણા શરૂ કરી છે. ટ્રાન્ઝિટ ઓરિએન્ટેડ ડેવલપમેન્ટ (ટીઓડી) નીતિ અંતર્ગત જે પ્રમોટેડ FSI થકી બન્નેના રૂટની આજુબાજુ વર્ટિકલ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવાનો મૂળ હેતુ છે તેને વધુ આગળ ધપાવવામાં આવશે.